આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **08-04-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## ચૂંટણી : મતદાન દિવસે રજા

ગુજરાતમાં આગામી 7 મેના યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા તે દિવસે રજા જાહેર કરાઇ છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ સત્તાવાર જાહેરાત મુજબ મતદાર જે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જ્યાં સામાન્ય કે પેટાચૂંટણી હોય તેવા મત મતવિભાગમાં બહારના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમ કે સંસ્થામાં નોકરી કરતા હોય તો પણ તેવા મતદાર મતદાનના દિવસે તારીખ 7 મેના રોજ સવેતન રજાના હક્કદાર રહેશે.

અશરફ નથવાણી

---

## ઉમેદવારી પત્રો

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનોં આજે છેલ્લો દિવસ છે. આ તબક્કામાં, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગની 88 લોકસભા બેઠકો માટે આગામી 26 તારીખે મતદાન યોજાશે. બાહ્ય મણિપુર મતવિસ્તારના એક ભાગમાં પ્રથમ તબક્કામાં 19મી એપ્રિલે મતદાન થશે.

કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની બેઠકો માટે બીજા તબક્કામાં મતદાન થશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ચૂંટણીપંચ : સોશિયલ મીડિયા

આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે.. ચૂંટણી પંચ ટર્નિંગ 18 અને યુ આર ધ વન જેવા અભિયાનોના માધ્યમથી ચૂંટણીપંચના લોકપ્રિય આઇકોન અને જેમ Z સામગ્રીનો ઉપયોગ કરીને અનુરૂપ સંદેશાઓ તૈયાર કરી રહ્યું છે.

બીજી તરફ, “તમે એક છો” અભિયાનનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વિવિધ લોકોના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે અને તેની ઉજવણી કરવાનો છે. ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ પર ખોટા સમાચારો અને ખોટી માહિતીને રોકવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરી છે.

તાજેતરમાં ચૂંટણીપંચ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એકસ અને યુટ્યૂબ જેવા મુખ્ય સોશિયલ પ્લેટફોર્મ ઉપર સક્રિય બનીને યુવા મતદારોને જાગૃત કરી રહ્યું છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## જિલ્લા વહીવટી તંત્ર : ચૂંટણી (બાઇટ)

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અંતર્ગત વધુમાં વધુ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદાર બને તેવો જિલ્લા વહીવટીતંત્ર તરફથી પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. કચ્છ જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે ત્યારે પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયાએ મતદાતાઓને મતદાન કરવા અપીલ કરી હતી.

બાઇટ : મહેન્દ્ર બગડીયા

પરેશ મારૂ

---------------------------------------------------------------------

## રમઝાન મહિનો : રાપર

હાલમાં પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. કચ્છમાં કોમી એકતા સાથે વિવિધ સ્થળોએ ઇફતાર પાર્ટી સહિતના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે ત્યારે  રાપર તાલુકાના ચિત્રોડ ગામે ગાગોદર પોલીસ દ્વારા ભાઈચારાની ભાવના વધે તે હેતુસર ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં રોઝા રાખતા રોઝદારોને ફળ ખવડાવી રોઝા છોડાવવામાં આવ્યા હતા. પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓએ મુસ્લિમ ભાઇઓ માટે ફળ અને સરબત આપી રોઝા છોડાવવામાં આવ્યા હતા.

પરેશ મારૂ

---

## ભુજ હેલ્થ સેન્ટર

ભુજ ખાતે આવેલા શહેરી આરોગ્ય કેન્દ્રમાં બે કેન્દ્રની ઇમારત તૈયાર થઇ જતા હવે દવાખાના ત્યાં કાર્યરત કરાયા છે. વ્યાયામ શાળામાં આવેલું આરોગ્ય કેન્દ્ર હવે કોડકી રોડ પર બીએસએફ કેમ્પ ખાતે કાર્યરત કરાયું છે જ્યારે રાજેન્દ્રનગરનું આરોગ્ય કેન્દ્ર જુની મેન્ટલ હોસ્પિટલની સામે કેમ્પ એરિયામાં શરૂ કરી દેવાયું છે. નવા  આરોગ્ય કેન્દ્રમાં 6 બેડ સહિતની સુવિધા હોવાથી દર્દીઓને ફાયદો થશે.જૂની જગ્યાનો દવાના ગોડાઉન તરીકે ઉપયોગ કરવામાં આવશે તેવું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

પરેશ મારૂ

---

## જિલ્લામાં કાયદો વ્યવસ્થા માટે જાહરેનામું

જિલ્લામાં કાયદો-વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નિતેશ પંડ્યા મિતેશ પંડ્યા દ્વારા અલગ અલગ જાહેરનામા જારી કરવામાં આવ્યે છે. જે અનુસાર જિલ્લાના જાહેર સ્થળોએ પરવાનગી વગર ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમમાં ચાર કે તેથી વધુ લોકો એકઠા ન થાય, સુલેહ-શાંતિનો ભંગ ન થાય તે માટે તમામ સરકારી કચેરીઓના પરિસરની 100 મીટરની ત્રિજ્યા વિસ્તારમાં ધરણા, પ્રતિક ભૂખ હડતાળ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જાહેરનામાનો ભંગ કરનાર પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

માહિતી ખાતુ

---